QRickit

0124CH05

5 કેટલા?

દાદાજી સાથે સફર





બાળકોને ચિત્ર જોવા દો અને પૂછો કે બગીચામાં બાળકો કઈ પ્રવૃત્તિઓ કરે છે. તેઓ બગીચામાં જોવા મળતા લોકોની સંખ્યા વિશે પણ ચર્ચા કરી શકે છે, ઉદાહરણ તરીકે, પ્રથમ ચિત્રમાં કેટલા બાળકો રમી રહ્યાં છે અને પછી કેટલાં બાળકો પાછળથી આવ્યાં? બાળકોને દાદા-દાદી સાથે સમય વિતાવવાનું મહત્વ અને તેમના પ્રત્યે આદર કેવી રીતે દર્શાવી શકાય તેના વિશે ચર્ચા કરવા દો.

© NCERT not to be republished

કહો કુલ કેટલા? ખાલી જગ્યાઓ પૂરો.

૪ બાળકો અને ૨ બાળકો મળીને થાય છે ___ બાળકો.

૪ + ૨ = ☐



૩ ભમરડા અને ૧ ભમરડો મળીને થાય છે ___ ભમરડા

૩ + ૧ = ☐

૩ કીડીઓ અને ૨ કીડીઓ મળીને થાય છે ___ કીડીઓ

૩ + ૨ = ☐

૪ સીસાપેનો અને ૩ સીસાપેનો મળીને થાય છે ___ સીસાપેનો

૪ + ૩ = ☐

બાળકોને ઘણી બધી મૂર્ત વસ્તુઓ સાથે સરવાળાની પૂરતી તક આપો. બાળકોને વસ્તુઓની બે જૂથો (એગ્રિગેશન)ને જોડીને અને હાલના જૂથમાં વધુ વસ્તુઓ ઉમેરીને કુલ સંખ્યા શોધવા માટે પ્રોત્સાહિત કરો. બંને પ્રકારની વધારાની સમસ્યાઓ પર બાળકો સાથે પ્રેક્ટિસ વર્ક કરાવવું જોઈએ.

© NCERT not to be republished



_____

૬ દડા અને ૨ દડા મળીને થાય છે _____ દડા.

૬ + ૨ = ☐



૭ + ૧ = ☐

ચાલો ગણતરી કરીએ

ક. તમારા માતા-પિતાને કુલ કેટલાં ભાઈ-બહેન છે ?

ખ. તમારા અને તમારા મિત્રના કુટુંબના કુલ કેટલા સભ્યો છે?

ગ. તમારા બંને હાથ અને પગની કુલ કેટલી આંગળીઓ છે?

ઘ. તમે તમારી આંગળીઓ વડે કેટલી સંખ્યાઓ ગણી શકો છો?

© NCERT not to be republished

બાળકોને સરવાળાના વાક્યોને સમજવા અને મોટેથી કહેવા માટે પ્રોત્સાહિત કરો. દાખલા તરીકે, ૪ બાળકો અને ૨ બાળકો મળીને ૬ બાળકો થાય છે, જેમાં 'મળીને' શબ્દ સરવાળા (+) અને 'કુલ' શબ્દને (=) બરાબરના પ્રતીક સાથે જોડવામાં આવેલ છે. બાળકોને પ્રતીકાત્મક રજૂઆત અથવા સંખ્યાઓના સરવાળા તરફ આગળ વધતાં પહેલાં , 'કુલ', 'સરવાળો', 'મળીને' વગેરે શબ્દભંડોળ વિકસાવવામાં મૂર્ત વસ્તુઓ સાથે કામ કરવાની તકો પૂરી પાડવી જોઈએ.

ગણતરી કરો અને કુલ આંગળીઓની સંખ્યા લખો.



૪ + ૩ =



૩ + ૨ =



૫ + ૩ =



૪ + ૦ =



૪ + ૪ =

ચાલો રમીએ - પાસા સાથે સરવાળા

વારાં કરો અને એક સાથે બે પાસા ફેંકો અને બંને પાસાંનાં કુલ ટપકાંની સંખ્યા ગણો. હવે તમારા મિત્રને પાસા ફેરવવા અને ટપકાંની કુલ સંખ્યા ગણવા માટે કહો. જાણો કોણે વધુ પ્રાપ્તાંક મેળવ્યું છે.



© NCERT not to be republished

ચાલો કરીએ

કિશોર અને નિત્યાએ પણ આ જ રમત રમી હતી અને તેમણે મેળવેલા પ્રાપ્તાંક લખેલા છે. કિશોર કેટલી વખત જીત્યો અને નિત્યાએ કેટલી વખત જીત મેળવી તે (✓) ની નિશાની કરીને જાણો.

	કિશોર	નિત્યા
ક.	✓	
ખ.		
ગ.		
ઘ.		
ચ		

	કિશોર			નિત્યા		
ક.	અને	 =	6	અને	=	5
ખ.	 અને	=		અને	 =	
ગ.	 અને	=		 અને	 =	
ઘ.	અને	 =		 અને	 =	
ચ	 અને	 =		 અને	 =	

© NCERT not to be republished



મણકા અને માળા

નીચે આપેલી સંખ્યાઓ પ્રમાણે માળામાં રંગો પૂરો અને રંગીન મણકાઓની કુલ સંખ્યા શોધો.

A. ૩ + ૪ = 

B. ૪ + ૨ = 

C. ૫ + ૪ = 

D. ૨ + ૭ = 

E. ૭ + ૩ = 

બાળકોને મણકાની માળાથી રમવા માટે પ્રોત્સાહિત કરો. સરવાળાની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરો અને સરવાળા કરવા ઉપયોગમાં લેવાતી પધ્ધતિઓ પર ચર્ચા કરો.

© NCERT not to be republished

કૂદો અને સરવાળો કરો

૪ + ૨ =



૩ + ૨ =



૫ + ૩ =



૬ + ૩ =

© NCERT not to be republished

તમારી પોતાની રીતે ઉમેરો

અબ્દુલ અને રીહાના બે જુદી જુદી રીતે સંખ્યાઓ ઉમેરી રહ્યા છે.
સરવાળો કરવામાં તેમને મદદ કરો.

૨ + ૩ _____	૨ + ૩ = _____
૫ + ૧ _____	૫ + ૧ = _____
૩ + ૩ _____	૩ + ૩ = _____
૯ + ૧ _____	૯ + ૧ = _____

© NCERT not to be republished

ચાલો કરીએ

ક. વર્તુળમાં સંખ્યાની જોડીઓ ભરો.









કોણાર્કના સૂર્ય રથનું પૈડું

ખ. ઉદાહરણ પ્રમાણે સંખ્યાઓને જોડો.

1 + 4	5	4 + 2
6 + 3	6	3 + 4
5 + 2	7	3 + 2
0 + 6	9	5 + 4

પ્રોજેક્ટ કાર્ય

૦ થી ૯ દસ પત્તાં લો.
પત્તાંને આ રીતે ગોઠવો કે તેમનો સરવાળો ૯ થાય.
આવું કરવાની ઘણી રીતો છે. તમે તેને કેટલી રીતે કરી શકો છો?

☐ + ☐ = 9

☐ + ☐ + ☐ = 9

☐ + ☐ = 9

© NCERT not to be republished

સરવાળા કરો

ક. રાઘવ પાસે ૪ શંખ છે અને સરિતા પાસે ૫ શંખ છે . . તેમની પાસે કુલ કેટલા શંખ છે? ☐

ખ. રણજીત પાસે 3 લખોટીઓ છે અને મીનાક્ષી પાસે ૬ લખોટીઓ છે . તેમની પાસે કુલ કેટલી લખોટીઓ છે? ☐

ગ. એક થેલીમાં 3 નાળિયેર છે બીજી થેલીમાં ૪ નારિયેળ છે .

બંને થેલીમાં મળીને કુલ કેટલાં નાળિયેર છે? ☐

ચાલો જોઈએ કે આપણા દફતરમાં શું છે?

તમારા મિત્ર સાથે આ પ્રવૃત્તિ કરો અને નીચે આપેલા જવાબો લખો.

ક. મારા દફતરમાં ___ પુસ્તકો છે અને મારા મિત્ર પાસે_____પુસ્તકો છે.અમારા બંને પાસે કુલ ___ પુસ્તકો છે.

ખ. મારી પાસે ____ સીસાપેનો છે અને મારા મિત્ર પાસે ___ સીસાપેનો છે.અમારી પાસે કુલ __સીસાપેનો છે.

ગ. મારી પાસે ____ નોંધપોથીઓ છે અને મારા મિત્ર પાસે ___નોંધપોથીઓ છે.

અમારી પાસે કુલ __ નોંધપોથીઓ છે.

વિચારો અને કરો

આપેલા કોષ્ટકમાં ૧, ૨ અને ૩ સંખ્યાઓને એવી રીતે લખો, જેથી દરેકનો સરવાળો ૬ થાય.



આ પ્રવૃત્તિ જોડીમાં હાથ ધરી શકાય છે. બાળકોને જાતે જ આવા પ્રશ્નો બનાવવા માટે અને જવાબો શોધવા માટે પ્રોત્સાહિત કરો. વિશ્વના સૌથી જૂના કોનાર્કના સૂર્ય મંદિર, ઓડિશા વિશે પણ વર્ગમાં ચર્ચા કરો અને કોણાર્કનાં સૂર્ય રથના ચક્રની છબી (પૃષ્ઠ ૫૬) નો પણ ઉલ્લેખ કરો.

© NCERT not to be republished

પાંચ નાનાં બાળકો

બસમાં બેઠાં બાળકો પાંચ ,
બેઠાં-બેઠાં કરતાં'તાં નાચ.
એક ઉતર્યો ઘરની પાસ,
હાથમાં હતો મોતીનો હાર,
બસમાં છે હવે બાળકો ચાર.



બસમાં છે બાળકો ચાર ,
ઝાડોથી કરે છે ઘણો વ્હાલ.
એક ઉતર્યો ઘરની પાસ,
સ્વચ્છતાનું લીધું છે તેમણે પ્રણ
બસમાં છે હવે બાળકો ત્રણ.



બસમાં છે બાળકો ત્રણ ,
તેમને ગમે છે નાનાં હરણ.
એક ઉતર્યો ઘરની પાસ,
ઘર તરફ દોડે છે તે,
બસમાં છે હવે બાળકો બે.

© NCERT not to be republished

બસમાં છે બાળકો બે ,
ગીતો ગાય છે તે બે.
એક ઉતર્યો ઘરની પાસ,
તેના હાથમાં છે એક કેક,
બસમાં છે હવે બાળક એક.



બસમાં છે બાળક એક,
લાગી રહ્યો છે તે નેક.
એક ઉતર્યો ઘરની પાસ,
મા રાહ જોઈને છે ઊભી ,
બસમાં બાળક કોઈ નથી.

ચાલો ચર્ચા કરીએ

ક. બસમાં શરૂઆતમાં કેટલાં બાળકો હોય છે?

ખ. પહેલા સ્ટેન્ડ પર બસમાંથી કેટલા બાળકો નીચે ઉતરે છે?

ગ. પહેલા સ્ટોપ પછી બસમાં કેટલા બાળકો બાકી છે?

ઘ. બીજા સ્ટેન્ડ પછી કેટલા બાળકો બાકી રહે છે? ત્રીજા, ચોથા અને પાંચમા સ્ટેન્ડ માટે પણ જવાબ આપો.

ચ. બસમાં અંતે કેટલા બાળકો બાકી છે?

પ્રોજેક્ટ કાર્ય

તમારા ઘરમાં કુલ કેટલા સભ્યો છે? તેમાંથી કેટલા સભ્યો શાળાએ જાય છે? કેટલા કામે જઈ રહ્યા છે? અને કેટલા સભ્યો ઘરે રહે છે?

© NCERT not to be republished

ચાલો કરીએ

કેટલા વધ્યા છે?

ક. ખાલી જગ્યાઓ ભરો.

i.



૬ દેડકા ૨ દેડકા પાણીમાં કૂદ્યા _____દેડકા બાકી રહ્યા

૬ - ૨ = _____

ii.

૭ ફુગ્ગા _____ ઉડી ગયા ૫ ફુગ્ગા બાકી રહ્યા

૭ - ૨ = _____

iii.



૯ કેળાં ૬ કેળાં તોડી લીધાં ___કેળાં બાકી રહ્યા

૯ - ૬ = _____

© NCERT not to be republished

ખ. જે વસ્તુઓ વધી છે તે દોરો અને ખાલી જગ્યા ભરો.

i.

_____ માટલાં_____ માટલાં તૂટી ગયાં _____ માટલાં બાકી રહ્યા

૩ – _____ = _____

ii.



૭ લાડુ ૪ લાડુ ખાધા _____ લાડુ બાકી રહ્યા

૭ - ૪ = _____

iii.



૭ દડા _____ દડા બાળકો લઈ ગયા _____દડા બાકી રહ્યા

૭ – _____ = _____

ગ. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૧. મનીષા પાસે ૯ કેળાં છે  . તેણે 3 કેળાં ખાધાં. હવે કેટલાં કેળાં વધ્યાં? ☐

ii. ફૂલો પર ૮ પતંગિયા છે ૫ પતંગિયા ઉડી ગયા. કેટલા પતંગિયા બાકી છે? ☐

© NCERT not to be republished

ચાલો કરીએ

તમારું પોતાનું દસનું ટપકાંનું પત્તું બનાવો અને તમારા મિત્રોથી તેમાંનાં થોડા ટપકાં છુપાવો. તેમને પૂછો કે કેટલાં ટપકાં છુપાયેલાં છે.



કેટલા ટપકાં છુપાયેલાં છે અને કેટલાં ટપકાં દેખાય છે?

કુલ ૧૦ ટપકાં	છુપાયેલ ટપકાં	દેખાતાં ટપકાં
	૦	૧૦



પ્રોજેક્ટ કાર્ય

બાળકોને ૮ ટપકાંવાળું ચોકઠું બનાવવા માટે કહો. હવે તેમના હાથ અથવા રૂમાલનો ઉપયોગ કરીને થોડા ટપકાં છુપાવો અને જુઓ કે કેટલા ટપકાં છુપાયેલા છે અને કેટલાં ટપકાં દેખાય છે. શું સંખ્યાઓમાં કોઈ નમૂના છે? આ પ્રવૃત્તિને અન્ય સંખ્યાઓ માટે પણ કરો. શું ટપકાં છુપાવ્યા વિના આ પ્રવૃત્તિ કરવી શક્ય છે?

© NCERT not to be republished

સંખ્યા પટ્ટી પર પાછળની તરફ કૂદો અને સંખ્યા કહો.



ક. ૯ થી ૩ ડગલાં પાછળ કૂદો.

૯ - ૩ = ૬

ખ. ૭ થી ૪ ડગલાં પાછળ કૂદો.



૭ - ૪ =

જાતે બાદબાકી કરો.

ક. ૮-૨ =

ખ. ૭-૩ =

ગ. ૯-૫ =

ઘ. ૬-૩ =

ચ. ૫-૧ =

છ. ૪-૨ =

© NCERT not to be republished